દલિત અધિકાર એ જ માનવ અધિકાર

# દલિત અધિકાર (પાક્ષિક)

તંત્રી : પ્રકાશકુમાર રા. મહેરિયા ● R.N.I. No. : GUJGUJ/2005/17601 ● Regd. No. GAMC-1494/2017-19 Valid upto 31-12-2019

વર્ષ : ૧૪ અંક : ૧૦ સળંગ અંક : ૩૨૨ ● પ્રકાશન : તા. ૧૬-૧૨-૧૮ પોસ્ટીંગ તા. ૨૦-૧૨-૧૮ ● પાનાં : ૦૮ વાર્ષિક લવાજમ રૂ. ૭૫/-, છૂટક રૂ. ૩/-

## આંકોલાળી દલિત હત્યાકાંડ : હત્યારાઓને આજીવન કેદની અદાલતી સજા

**અવસર**

કાંતિલાલ પરમાર

**ગીર** સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકાના આંકોલાળી ગામે તારીખ ૧૩/૯/૨૦૧૨ના રોજ સવારમાં સાડા સાત થી આઠ વાગે આજ ગામના ૧૫૦ કરતાં વધારે કોળી પટેલોએ ભેગા મળી લાલજીભાઈ સરવૈયા નામના દલિત યુવાનને કોળી સમાજની દીકરીને ભગાડી અને કયાંક સંતાડી દીધાની શંકા રાખી જીવતો ઘરમાં જ સળગાવી દીધો હતો. ઘરના બીજા સભ્યોને નાની મોટી ઈજાઓ કરી હતી અને તમામ ઘરવખરી બાળી નાખવામાં આવી હતી. સવારે સાત થી આઠ વાગ્યાની આજુબાજુ લાલજી ઘરમાં સૂતો હતો ત્યારે ટોળાએ ઘરને બહારથી તાળું મારી ઘરના પાછળ નિસરણી મૂકી એક પછી એક લોકો ચડીને ઉપરના ખપેડો તોડી, ગોદડા અને અન્ય વસ્તુઓ નાખી પછી ઘરમાં કેરોસીન છાંટી દલિત યુવાનને જીવતો સળગાવેલ અને ઘરના બાકીના સભ્યોને સામુહિક હુમલામાં માર મારેલ હતો. જેની ફરિયાદ ગીર ગઢડા પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં ૪૦/૨૦૧૩ થી આઈ પી.સી ની કલમ ૩૦૨, ૩૨૪, ૩૨૩, ૪૩૬, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૪૪૯, ૩૪૨, ૩૩૭, ૧૨૦-બી અને અનુસૂચિત જાતિ અને જન જાતિ (અત્યાચાર અટકાવ) અધિનિયમ ૧૯૮૯ ની કલમ ૨(૧)(૨), ૩(૧)(૫) તથા જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબ નોંધાયેલ હતી. આરોપીઓની અટક બીજા દિવસે કરી હતી.

આ બનાવની ફરિયાદના અનુસંધાને ઉનાની નીચલી અદાલતમાં ચાર્જશીટ થતાં આ કેસને નીચલી અદાલત દ્વારા ખાસ એટ્રોસિટીસના કેસ માટે ચાલતી ખાસ અદાલતમાં કમિટ કરવામાં આવેલ હતો. સ્પેશ્યલ જજ (એટ્રોસિટી) અને ચોથા એડિશનલ સેશન્સ જજની કોર્ટ, મુ. ઉના, જિલ્લો ગીર સોમનાથ સમક્ષ આ કેસ ચાલેલ હતો. આ કેસનો નંબર સ્પેશ્યલ કેસ (એટ્રોસિટી) નંબર-૧૩/૨૦૧૩ છે . જેનો ચુકાદો તારીખ ૨૯/૧૧/૨૦૧૮ ના દિવસે ખુલ્લી અદાલતમાં સંભળાવવામાં આવ્યો હતો. કેસ કુલ પાંચ વર્ષ, ત્રણ માસ અને ૦૭ દિવસ ચાલેલ હતો. આ કેસમાં સરકાર તરફે વકીલ મોહનભાઈ કે ગોહેલ, મૂળ ફરિયાદ પક્ષે ગોવિંદભાઈ એમ. પરમાર, આરોપી પક્ષે ગ્રીષ્માબહેન જોશી હતા. ફરિયાદી પક્ષે વકીલ ગોવિંદભાઈ પરમાર અને તેની ટીમે તૈયાર કરેલ ૧૪૬ પાનાંની લેખિત દલીલ કોર્ટ સમક્ષ મૂકી હતી, જે ખૂબ જ મહત્ત્વની પુરવાર થઇ હતી.

સંજયકુમાર લવજીભાઈ ઠક્કર, સ્પેશ્યલ જજ (એટ્રોસિટી) અને ચોથા એડિશનલ સેસન્સ જજ, ઉના દ્વારા તારીખ ૨૯/૧૧/૨૦૧૮ના રોજ ૧૯૨ પાનાંનાં આપેલ ચુકાદામાં જણાવ્યા મુજબ આ કેસ ઓનર કિલિંગનો જણાય છે . ગુનો રેરેસ્ટ ઓફ રેરની શ્રેણીમાં ગણાય તેમજ ટોળા દ્વારા આ કૃત્યને અંજામ આપેલ છે જેથી મોબ લિંચિંગનો પણ કેસ છે. મોબ લિંચિંગના કેસોમાં સુપ્રીમ કોર્ટે કઠોર વલણ અપનાવવા આદેશ કરેલ છે. આ ફાંસીની સજા કરી શકાય તેવો કેસ છે પરંતુ આરોપીઓની આર્થિક અને સામાજિક સ્થિતિને ધ્યાનમાં લેતાં તેમજ આરોપીઓ છેલ્લા પાંચ વર્ષ ઉપરાંતથી જેલમાં હોઈ મૃત્યુ દંડને બદલે તમામ ૧૧ આરોપીઓને અંતિમ શ્વાસ સુધીની આજીવન કારાવાસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવ્યો હતો.અદાલતે આરોપીઓ સામે જે પ્રકારે ગુનો સાબિત થયેલ છે તે જોતાં ભવિષ્યમાં તેઓને સજા માફીની કોઈ રાહત આપવામાં ન આવે તેવો સ્પષ્ટ હુકમ પણ કર્યો હતો. કોર્ટ દ્વારા ક્રિમિનલ પ્રોસીજરની કલમ ૩૫૭ મુજબ તમામ આરોપીઓને દંડ કરી દરેક આરોપીએ રૂ.૫૪,૫૦૦/- x૧૧=રૂ.૫,૯૯,૫૦૦/- ભરવા અને આ દંડની રકમ અપીલ સમય પૂર્ણ થયા બાદ ફરિયાદીને વળતર ચુવવાનો આદેશ કરવામાં આવ્યો છે.દરેક આરોપીઓને કોર્ટે કરેલ સજા એકી સાથે ભોગવવાની રહેશે.

આ કેસમાં સજા પામનાર ગુનેગારના નામ : (૧) ભાણાભાઈ કાનાભાઈ વાજા, ઉ.વ.૪૦ (૨) બાબુભાઈ દાનાભાઈ વાજા, ઉ.વ.૪૮ (૩) ધીરુભાઈ વીરાભાઈ વાજા, ઉ.વ.૪૦ (૪) ભીખાભાઈ વીરાભાઈ વાજા, ઉ.વ.૬૦ (૫) રામભાઈ ભીખાભાઈ વાજા,

ઉ.વ.૩૯ (૬) પાંચાભાઈ લાખાભાઈ વાજા, ઉ.વ.૩૨ (૭) પ્રવીણભાઈ ધીરુભાઈ વાજા, ઉ.વ. ૨૩ (૮) હમીરભાઈ અરજણભાઈ વાજા, ૪૦ (૯)અરજણભાઈ બાબુભાઈ મકવાણા, ઉ.વ.૧૯ (૧૦) ગભરૂભાઈ કાનાભાઈ વાજા, ઉ.વ. ૨૮ (૧૧) લાલજીભાઈ વશરામભાઈ વાજા ઉ.વ.૪૫

"સમાજમાં દિન-પ્રતિદિન આવા મોબ-લિન્ચિંગના બનાવ તેમજ અસ્પૃશ્યતાની માનસિકતાથી ઉદ્‌ભવતા ગુન્હાઓનું પ્રમાણ વધી રહેલ છે. તેમાં પણ સમાજમાં રહેલી અસ્પૃશ્યતાની માનસિકતાના કારણે સમાજમાં વર્ગ-વિગ્રહની સ્થિતિ ઉભી થાય છે અને ઉંચ-નીચના ભેદભાવનું પ્રમાણ વધી રહેલ છે.અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ પ્રત્યેના અત્યાચારો અંકુશમાં આવી શકેલા નથી.આ પ્રકારના અત્યાચારોને રોકવા માટે સામાજિક જાગ્રતિના પ્રયાસોમાં વધારો થવો જરૂરી છે.તેમજ લોકોની માનસિકતા બદલાય અને ઉંચ-નીચના ભેદભાવ ઘટે તેવા જનજાગૃતિના આંદોલનની પણ આવશ્યકતા છે અને તેવા આંદોલનો ચલાવવા તે સમાજ અને સરકારની જવાબદારી છે. પરંતુ જયારે ઉંચ-નીચના ભેદભાવમાંથી ઉદ્‌ભવેલા ગુનાઓના નિર્ણય કરવાની જવાબદારી અદાલત ઉપર આવે ત્યારે અદાલતની એ જવાબદારી છે કે આ ભેદભાવ નાબૂદ થાય અને ભેદભાવની માનસિકતાવાળા લોકોમાં કાયદાનો ભય પેદા થાય તેવો દાખલારૂપ હુકમ કરવો તેવી અદાલતની જવાબદારી છે ત્યારે સમાજની બદીઓને દૂર કરવામાં અદાલતનો ચુકાદો સમાજને મદદરૂપ થાય તે પાસાંને પણ ધ્યાનમાં લેવું જરૂરી બને છે. આ તમામ દ્રષ્ટિકોણોથી જોતાં આરોપીઓએ જે રીતે ક્રૂરતાપૂર્વક ગુનાને અંજામ આપેલ તે જોતાં આરોપીઓનું કૃત્ય કોઈ પણ તબક્કે દયાને પાત્ર જણાતું નથી. આમ આ સંજોગોમાં કાયદામાં ઠરાવ્યા મુજબની પૂરેપૂરી સજા કરવામાં આવે તો સમતોલ ન્યાય થયો ગણાશે", તેવું પણ અદાલતે ચુકાદામાં નોંધ્યું હતું.

આ ચુકાદાને સમગ્ર દલિત સમાજે આવકારેલ છે તેમજ આ બનાવમાં ફરિયાદી કાળાભાઈ સરવૈયા અને તેમના પુત્ર પિયુષભાઈ સરવૈયા અને પીડિત પરિવારે વેઠેલ સંઘર્ષ અને આ કેસમાં કાનૂની મદદ કરનાર વકીલ ગોવિંદભાઈ પરમાર અને તેમની ટીમને પણ સમાજે બિરદાવી આભાર માનેલ છે. અત્રે એ નોંધવું જરૂરી છે કે ૨૫ જાન્યુઆરી ૧૯૮૬માં ખંભાત તાલુકાના ગોલાણા ગામે ચાર દલિતોની હત્યા થયેલ જેમાં ૧૪ લોકોને આજીવન કેદની સજા કોર્ટ દ્વારા થયેલી ત્યાર બાદનો આ દલિત અત્યાચારમાં સૌથી મોટો ચુકાદો છે.

આરોપીઓ દ્વારા લાજીભાઈ સરવૈયાને જીવતા સળગાવી નાંખવાના બનાવ બાદ તમામ ઘર વખરી મૂકીને પહેરેલ કપડે ફફડતા હૈયે પોતાની અને પોતાના કુટુંબની સુરક્ષા માટે ફરિયાદી અને તેના પરિવારના ૧૪ સભ્યોએ ઉના ખાતે હિજરત કરેલ હતી. લાંબા સમયની સરકાર સામે લડત અને સંઘર્ષ બાદ દોઢેક વર્ષથી દેલવાડા ખાતે સરકારે જમીન ફાળવાતા ત્યાં ઝૂંપડા બનાવી આ હિજરતી પરિવારના ૧૪ સભ્યો રહે છે. સરકારે આ પરિવારને હિજરતી જાહેર કરેલ છે પણ આ પરિવારનું અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિ (અત્યાચાર અટકાવ) અધિનિયમ ૧૯૮૯ ના નિયમો ૧૯૯૫ના નિયમ ૧૫ મુજબ ખાસ આકસ્મિક યોજનામાં પરિવારની વારંવાર રજૂઆત છતાં પુનઃવસન કરવામાં આવેલ નથી. પરિવારને હિજરતી જાહેર કર્યા બાદ આંકોલાળી ગામે સોનાની લગડી જેવી, પાણીના કૂવાવાળી પોતાની માલિકીની ૧૫ વીઘા જમીન હતી તેની સામે ૧૫ વીઘા જમીન આપેલ છે. નવી કોઈ જ ખેતીની જમીન સરકારે આપેલ નથી. સરકારે રહેવા માટે મફત પ્લોટ ફાળવેલ છે પણ હજુ સુધી પૂરતી સહાય ન મળવાથી આ જગ્યા પર ઝૂંપડા બનાવેલ છે. સરકારે પાણીની એક ડંકી બનાવી છે, જે પૂરતી નથી. રહેણાંક મકાનમાં વીજળીની કોઈજ વ્યવસ્થા નથી. બાળકોને બે થી અઢી કિલોમીટર ચાલીને શાળાએ ભણવા જવું પડે છે. હિજરતી પરિવારના એક સભ્યને સરકારે નોકરી આપી નથી કે કોઈજ રોજગારી પૂરી પાડેલ નથી. સરકાર આ પરિવારનું પૂરેપૂરું પુનઃવસન કરવામાં નિષ્ફળ જતાં, હારી થાકીને પરિવારે રાષ્ટ્રપ્રમુખ રામનાથ કોવિંદને પત્ર લખી ઈચ્છામૃત્યુની મંજૂરી આપવા માંગ કરેલ છે. ●

('દલિતો પરના...' પેજ-૫નું અનુસંધાન)

પહેલા અમરેલીમાં જે ખોટા કેસમાં નિર્દોષ દલિતો ઉપર ગંભીર આરોપ મુકવામાં આવ્યા તેના વિરુદ્ધમાં અમરેલી દલિત સમાજે મોટી લડત શરૂ કરેલી અને કલેકટર કચેરીમાં દલિતોએ લગભગ લગાતાર ૫૦ દિવસો સુધી ધરણા કર્યા હતા. જેને લડતનું કેન્દ્રબિંદુ કહી શકાય. દલિતો પરના ખોટા કેસો પરત ખેંચવાની માંગ સાથેનું આ સૌ પ્રથમ આંદોલન માની શકાય. તા. ૨૨/૧૧/૨૦૧૬ના દિવસે મહેસાણા કલેકટરને દલિતોના પડતર પ્રશ્નો અંગે મૌન રેલી કાઢી આવેદન આપવામાં આવ્યું હતું. એ આવેદનપત્રની મુખ્ય માંગ ઉના અંદોલન આંદોલન દરમિયાન દલિતો પરના ખોટા કેસો પરત ખેંચવાની હતી. મેં પોતે તારીખ ૦૮/૦૫/૨૦૧૮ ના રોજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીને રજૂઆત કરી હતી.તે પછી સતત ગૃહ વિભાગને આ અંગે રજૂઆત કરવામાં આવેલ છે પણ હજુ સુધી કોઈ ઠોસ કાર્યવાહી થયેલ નથી. હાલ 'જયભીમ યુવા સંગઠન' (રાજકોટ)ના મિત્રો પણ આ અંગે જુદા જુદા જિલ્લાઓમાં મિટિંગો કરી રહ્યા છે.

જો પાટીદાર આંદોલન વખતે પાટીદારો ઉપર થયેલ પોલીસ કેસો પરત ખેંચાતા હોય તો ઉના અંદોલન વખતના દલિતો ઉપરના કેસો પણ પાછા ખેંચાવા જ જોઈએ. ●

# સમર્પિત સમાજસેવક ભગવાનદાસ માર્કરની ચિરવિદાય

## અલવિદા

મણિલાલ રાનવેરિયા

**શ્રી** માહ્યાવંશી શિક્ષણ પ્રચારક સંઘ, મુંબઈના મેનિજિંગ ટ્રસ્ટી ભગવાનદાસ મકનજી માર્કરનું તા.૫-૧૧-૨૦૧૮ના રોજ સંઘના છાત્રાલય (મલાડ, મુંબઈ)ના એમના નિવાસસ્થાને ૯૩ વરસની વયે અવસાન થયું છે.

ભગવાનદાસ માર્કર (જેમને અમે સૌ માર્કરસાહેબ કહેતા)નો જન્મ તા.૧૫-૨-૧૯૨૫ના રોજ ગામ અમલસાડ તા.ગણદેવી જિ.નવસારી(તે વખતે સુરત) ખાતે થયો હતો. એમણે પ્રાથમિક,માધ્યમિક અને કોલેજનું શિક્ષણ મુંબઈ ખાતે લીધું હતું. ડો.બાબાસાહેબ આંબેડકર સ્થાપિત વિખ્યાત સિદ્ધાર્થ કૉલેજમાંથી એમણે અર્થશાસ્ત્ર સાથે બી.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. શરૂઆતમાં મુંબઈની પ્રોપ્રાયટરી સ્કૂલમાં કાર્યાલય કર્મચારી તરીકે છએક વરસ સેવા આપ્યા પછી ૧૯૪૯માં મુંબઈની અતિ પ્રતિષ્ઠિત ન્યૂરા સ્કૂલમાં જોડાયા અને ૧૯૮૭માં શાળાના મંત્રીપદેથી નિવૃત્ત થયા હતા.

સામાજિક પ્રવૃત્તિમાં સક્રિય એવા માર્કરસાહેબ ઈ.સ.૧૯૪૯માં શ્રી.માહ્યાવંશી શિક્ષણ પ્રચારક સંઘ, મુંબઈના મંત્રી તરીકે જોડાયા હતા. તેમણે ઈ.સ. ૧૯૫૮ થી ૧૯૭૫ તેમજ ઈ.સ. ૧૯૭૭ થી ૧૯૯૪ સુધી સંઘના પ્રમુખ તરીકે સેવા બજાવી હતી.૧૯૯૫માં તેઓ સંઘના મેનેજિંગ ટ્રસ્ટી થયા હતા અને એમના આયુષ્યના અંતિમ શ્વાસ સુધી એ સ્થાને બની રહ્યા હતા. આ સંસ્થાને તેમણે એમના જીવનના ૭૫ જેટલાં વર્ષો સમર્પિત કર્યાં હતાં. એ દરમિયાન તેમણે હજારો વિદ્યાર્થીઓને સહાય તથા માર્ગદર્શન પૂરાં પાડ્યાં હતાં. માહ્યાવંશી સમાજ આજે સો ટકા સાક્ષરતાનો દાવો કરે છે તેમાં આ સંસ્થાનો સિંહફાળો છે એ વાત સર્વસ્વીકૃત બની છે. આ ઉપરાંત એમણે શ્રી.માહ્યાવંશી ક્ષત્રિય કો-ઓપ. ક્રેડિટ સોસાયટી, ધી વર્લ્ડ એજ્યુકેશન ફેલોશીપ, શ્રી.એમ.ટી.વ્યાસ એજ્યુકેશન ટ્રસ્ટ, સમન્વય સોશ્યલ સર્વિસ લીગ, શ્રી.મુનિ સેવાશ્રમ વગેરે સંસ્થાઓમાં પણ પોતાની સેવાઓ આપી હતી. સમન્વય અને સૂરનુપૂર(ભગિની સમાજ)ના સથવારે શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવાસ નિમિત્તે તેમણે સ્કોટલેન્ડ, ઈંગ્લેન્ડ(લંડન), કેનેડા, યુએસએ વગેરે દેશોનો પ્રવાસ ખેડ્યો હતો.

ભારતમાં સદીઓથી વિષમતાનો ભોગ બનતા ઉપેક્ષિત, શોષિત, પીડિત, બહુજન સમાજના જાગ્રત પ્રહરી તરીકે એમણે "શિક્ષણ એ જ સમાજોન્નતિનો સાચો પાયો છે" એ શ્રી.માહ્યાવંશી શિક્ષણ પ્રચારક સંઘ, મુંબઈના સૂત્રને ચરિત્રાર્થ કરવા આજીવન પ્રયત્ન કર્યો એટલું જ નહીં વંચિત સમાજની પ્રગતિના એ રાહબર બની રહ્યા. શ્રી.માહ્યાવંશી શિક્ષણ પ્રચારક સંઘે એમને પ્રતિષ્ઠિત ઉંટેકર એવોર્ડથી નવાજ્યા હતા. સાથે જ તેમને સંસ્થાના કુલપતિ પણ બનાવ્યા હતા. એક બાજુ એમણે પોતાનું સમગ્ર જીવન સંસ્થાને અર્પણ કર્યું તો બીજી બાજુ સંસ્થાએ અને સમાજે એમનું યથાયોગ્ય સન્માન પણ કર્યું. ૧૯૮૮માં સમાજે એમની ષષ્ઠિપૂર્તિ ઉજવી રૂપિયા એક લાખની થેલી અર્પણ કરી હતી. એ રકમ તેમણે સંસ્થાના કામો માટે આપી દીધી હતી. સંસ્થાના છાત્રાલયના મકાનનું સ્વપ્ન સાર્થક કરવામાં એમનો મહત્ત્વનો ફાળો રહ્યો. છેલ્લાં ત્રીસેક વરસોથી મલાડ, મુંબઈ ખાતે આ છાત્રાલય ૪૦ છાત્રોને રહેઠાણની વ્યવસ્થા પૂરી પાડે છે.

દિવંગત માર્કરસાહેબે સમાજની અણમોલ સેવા બજાવી છે. એમના સાદગી, સચ્ચાઈ, સેવાપરાયણા, પ્રામાણિકતા, નિષ્ઠા, સમર્પણ, સ્વાર્પણ, નિખાલસતા, કર્મઠતા, પ્રતિબદ્ધતા અને નિસ્વાર્થતા જેવા ગુણોથી સમગ્ર સમાજ રળિયાત છે. વર્તમાનમાં અલભ્ય એવા ગુણોનું માર્કરસાહેબ પ્રતીક બની રહ્યા.એમની સાથેના મારા છ દાયકાના સંબંધો રહ્યા છે. માર્કર સાહેબને અંતરની અંજલિ. ●

## પ્રતિજ્ઞા / જયેશ સોલંકી

પ્રતિજ્ઞા પૂરી થતાંની સાથે જ
એણે વારાફરતી
બધા વિદ્યાર્થીઓની પાટીમાં
પાડ્યાં ખાનાં ચાર
પહેલાની પાટીમાં
એ બી સી ડી લખી
બીજાની પાટીમાં
ક ખ ગ ઘ લખ્યા
ત્રીજાની પાટીમાં
૧ ૨ ૩ ૪ લખ્યા
ચોથાની પાટીમાં
પહેલા ખાનામાં ભૂદેવ લખ્યું
બીજા ખાનામાં રક્ષક લખ્યું
ત્રીજા ખાનામાં વેપારી લખ્યું
ચોથા ખાનામાં લખવું શું ?
એ મૂંઝાયા
હાક્ થૂ
કરીને થૂક્યા
એણે
સાફ કરી પાટી
પાડ્યાં નવાં ખાનાં ચાર
પહેલા ખાનામાં લખ્યું પુનર્જન્મ
બીજા ખાનામાં લખ્યું ચાકરી
ત્રીજા ખાનામાં લખ્યું ઈશ્વર
ચોથા ખાનામાં લખ્યું મોક્ષ
આવ્યો મારી પાટીનો વારો
એમણે કહ્યું :
'તું સાલા ઢેડા
તું ખાનાની બહાર
એટલે જા જતો રહે
આ ઓરડાની બહાર'
ને મારાં કાનમાં
ગૂંજવા લાગી પ્રતિજ્ઞા :
ભારત મારો દેશ છે
બધાં ભારતિયો મારાં ભાઈબહેન છે !!

# દલિતો પરના ખોટા પોલીસ કેસો પાછા ખેંચો

અરજ
કૌશિક મંજુલા બાબુભાઇ

**૧૧** જુલાઈ ૨૦૧૬ના રોજ ઉના તાલુકાના મોટા સમઢિયાળાના નિર્દોષ દલિતો ઉપર ગોરક્ષાના નામે અમાનુષી અત્યાચાર ગુજારવામાં આવેલો. જેના કારણે આખા રાજ્યના દલિતોમાં આક્રોશ ભભૂકી ઉઠેલો અને દલિત સમાજે ઉગ્ર આંદોલન કરેલું. આ દરમિયાન અનેક નિર્દોષ દલિતો ઉપર ખોટા કેસો રાજ્યની સરકાર અને પોલીસ દ્વારા કરવામાં આવેલા હતા.

૩૧ જુલાઈ ૨૦૧૬ના રોજ અમદાવાદમાં દલિતોનું મહાસંમેલન યોજાયું. જેમાં અમદાવાદથી ઉનાની યાત્રાનો કોલ આપવામાં આવેલો. તે મુજબ ૫મી ઓગસ્ટે અમદાવાદથી ''દલિત અસ્મિતા યાત્રા'' નીકળી અને ૧૫ તારીખે ઉનામાં મોટા સંમેલનમાં ફેરવાઈ. આ સમયે પદયાત્રામાં આવતા તેમજ જતા નિર્દોષ દલિતો ઉપર તેમજ તારીખ ૧૩/૦૮/૨૦૧૮ ના રોજ સમઢિયાળામાં યોજાયેલ દલિત સંમેલનમાં પરત જતા લોકો ઉપર હુમલાના અનેક બનાવો બન્યા હતા. ઉના પોલીસ સ્ટેશનમાં આ અંગે ૮ ગુનાઓ નોંધવા પામેલ છે. આ કેસોમાં દલિતો ફરિયાદી અને બિનદલિતો આરોપીઓ છે. આ બનાવમાં ઘણા દલિતોને પોલીસની હાજરીમાં જ મારવામાં આવેલા. છતાં પોલીસ મૂકદર્શક બનીને જોતી રહી અને નિર્દોષ દલિતો ઉપર વધુ અત્યાચાર થતો રહ્યો આ બાબતે મેં રાજ્ય માનવ અધિકાર આયોગમાં ફરિયાદ દાખલ કરેલી. પણ માનવ અધિકાર આયોગે માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૧૨ (ક) હેઠળ હસ્તક્ષેપ કરવાનું ઉચિત ન માની ફરિયાદને દફતરે કરી (કેસ નંબર એચ.આર.સી. ૨૦૧૬/જી.એસ.એન./૩૮/લીગલ). કદાચ માનવ અધિકાર આયોગને દલિતોનો માનવ અધિકાર ભંગ દેખાતો નથી ?

ઉનામાં થયેલા દલિત અત્યાચારની ઘટના વિરુદ્ધ દલિતોએ મોટા પાયે દેખાવો કરેલા. જે દેખાવો અને વિરોધ પ્રદર્શન થયા તેમાં કુલ ૭૪ ગુના દાખલ કરવામાં આવેલા છે. તેમાં દલિતો ઉપર ખોટા આરોપો મૂકી તેઓને જુદા જુદા કેસમાં આરોપી બનાવવામાં આવેલ છે.અત્યારે દલિતો ઉપર થયેલા ખોટા કેસો પાછા ખેંચવા અનેક સંગઠન અને કર્મશીલો પ્રયત્ન કરી રહ્યાં છે ત્યારે આ કેસોની હકીકતો જાણીએ.

ઉના બનાવની તપાસ કરતી સી.આઈ.ડી.ક્રાઇમે પોતે રજૂ કરેલા તહોમતનામામાં જણાવ્યું છે કે ઉનાની ઘટના વિરુદ્ધ જે આંદોલન થયું તેમાં કુલ ૭૪ ગુના દાખલ થવા પામેલ છે. દલિતો ઉપર થયેલા ખોટા કેસો કેટલી હદે ઉપજાવી કાઢેલા છે તે અમરેલી કેસ ઉપરથી જાણવા મળે છે.

અમરેલીમાં રેલી દરમિયાન એક પોલીસ કર્મી, નામેં પંકજ અમરેલિયા, ચાલુ જીપ્સી ઉપર એક હાથે દંડો મારતા હતા અને એક હાથે જીપ્સીની પાઇપ પકડેલ હતી. જે દરમિયાન તેમનો હાથ છટકતા નીચે પટકાતા તે મૃત્યુ પામેલ હતા. પોલીસે આ બનાવ અંગે દલિતો ઉપર હત્યાનો ગંભીર ગુનો દાખલ કર્યો અને ૪૭ જણાને નામજોગ આરોપી બનાવવામાં આવ્યા. તે ઉપરાંત ૭૦૦ લોકોનું ટોળું આરોપી તરીકે બતાવવામાં આવ્યું. જે ૪૭ વ્યક્તિઓને પોલીસે આરોપી બતાવ્યા તેમાંના રજનીભાઈ મકવાણા(શિક્ષક), જ્યારે ગુનો બન્યો ત્યારે રાજ્યસભાના સભ્ય શંભુપ્રસાદ ટુંડિયાની સાથે હતા. તેઓ શંભુપ્રસાદના લેટરહેડ ઉપર લખાવી લાવ્યા કે ગુનો બન્યો ત્યારે તેઓ અમરેલીથી ઘણા દૂર હતા. એટલું જ નહીં, પણ ત્યાંના સીસીટીવી ફૂટેજ પણ પુરાવો હતો. મધુ ચાવડા, જેઓ સરકારી બસમાં કંડકટર તરીકે નોકરી કરે છે, તેઓ નોકરી ઉપર હતા અને તેઓને પણ પોલીસે આરોપી બનાવેલ છે. ડેપોના હાજરીપત્રકમાં તેમની સહી છે. હરેશભાઇ પટણી જેઓ બંને પગે વિકલાંગ છે,ચાલી પણ શકતા નથી અને તેઓ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા તેમને પણ પોલીસે આરોપી બનાવેલ છે. પોલીસે ઘડી કાઢેલા આ કાવતરામાં કાંતિભાઈ વાળા, કિશોરભાઈ દાફડા, જીતુભાઇને મુખ્ય આરોપી બનાવવામાં આવેલ છે, આ કેસ ઉપરથી સમજી શકાય છે કે પોલીસ પોતાને મળેલી સત્તાનો દુરુપયોગ કેવી રીતે કરે છે.

અમરેલી જિલ્લામાં આ દરમિયાન કુલ બે કેસો બનવા પામેલ છે, જેમાં એક આ હત્યાનો ગુનો છે અને બીજો એક ગુનો દાખલ થવા પામેલ છે જેમાં ગેરકાયદેસર મંડળી રચી સરકારી મિલકતને નુકસાન, તેમજ જાહેરનામાના ભંગનો ગુનો, બે નામજોગ અને ૧૨ અજાણ્યા આરોપી સામે દાખલ કર્યો હતો.

અમદાવાદ શહેરમાં કુલ પાંચ ગુના દાખલ થવા પામેલ છે : ચાંદખેડા પોલીસ સ્ટેશન, રાણીપ પોલીસ સ્ટેશન, નરોડા પોલીસ સ્ટેશન અને અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં જાહેરનામાનો ભંગ, ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી, સરકારી કામમાં રુકાવટ અને પોલીસ ઉપર હુમલાના ગુના દાખલ થયેલ છે. બે ગુના નામજોગ દાખલ થયેલ છે.અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં દાખલ ફરિયાદમાં પાંચ જણાને નામજોગ અને ૨૦૦ થી ૨૫૦ જેટલું ટોળું આરોપી તરીકે દર્શાવેલ છે. એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં છ જણ સામે નામજોગ જાહેરનામાના ભંગનો ગુનો દાખલ કરેલ છે.

રાજકોટ શહેરમાં કુલ આઠ ગુના દાખલ થવા પામેલ છે. બે ગુનામાં નામજોગ આરોપી તેમજ છ ગુનામાં ટોળાને આરોપી તરીકે દર્શાવેલ છે. જે છ ગુનામાં ટોળું આરોપી તરીકે બતાવેલ છે, તેમાં બે ગુના એવા છે જેમાં બાઇક નંબરનો ઉલ્લેખ કરેલ છે. તેથી આ ગુનામાં પણ

નામજોગ આરોપી તરીકે પાછળ તપાસમાં ખુલવા પામેલ હશે તેમ માની શકાય. આ તમામ ગુનામાં ગેરકાયદેસર મંડળી, જાહેરનામાનો ભંગ, સરકારી મિલકતને નુકસાન જેવા ગુના બતાવેલ છે.

અમદાવાદ ગ્રામ્યમાં એક ગુનો ધોળકામાં દાખલ કરવામાં આવ્યો છે, જેમાં ૪૪ જણા નામજોગ અને ૫૦૦૦ નું ટોળું આરોપી તરીકે લીધું છે. આ કેસમાં ગેકાયદેસર મંડળી, સરકારી મિલકતને નુકસાન, પોલીસ ઉપર હુમલો સહિતની કલમો લગાવેલ છે.ગાંધીનગરમાં કુલ ત્રણ ગુના બતાવેલ છે પણ હકીકતમાં દલિતો ઉપર ત્રણ નહીં, બે કેસ કરવામાં આવ્યા છે. એટ્રોસિટીના એક ગુનાની ગણતરી પણ આ ગુનામાં કરેલ છે.ગાંધીનગર એસ ટી ડેપો સામેની સત્યાગ્રહ છાવણી ખાતે દલિત સમાજની રેલી માટે પ્રચાર માટે જે બેનરો લગાવેલ હતા તેમાં ભારતીય દલિત પેંથરનું બેનર ફાડી નાખવામાં આવેલ હતું જેમાં સામેવાળા વિરુદ્ધ એટ્રોસિટી મુજબનો ગુનો દાખલ થવા પામેલ હતો. અન્ય બે ગુનામાં નામજોગ આરોપી તરીકે સરકારી મિલકતને નુકસાન, પથ્થરમારો, ગેરકાયદેસર મંડળીના આરોપો લગાવેલ છે. સાબરકાંઠામાં એક ગુનો દાખલ કરવામાં આવેલ છે, જેમાં ૧૬ વ્યક્તિઓ સામે નામજોગ જાહેરનામાના ભંગનો ગુનો દાખલ કરવામાં આવેલ છે. અરવલ્લી જિલ્લામાં કુલ બે ગુના બતાવેલ છે પણ હકીકતમાં એકજ ગુનો દાખલ થવા પામેલ છે. એક એટ્રોસિટીના ગુનાની ગણતરી અહી થવા પામેલ છે. એક ગુનો દલિત સમાજ ઉપર દાખલ થવા પામેલ છે. જે ગંભીર ગુનો છે. જેમાં ત્રણ વ્યક્તિ નામજોગ અને અન્ય નવ જણને આરોપી બતાવવામાં આવ્યા છે. જેમાં જાનમાનની લૂંટ, હુમલો, જાનથી મારી નાખવાની ધમકી, જાહેરનામાનો ભંગ, નુકસાન સહિતની કલમો દાખલ કરવામાં આવેલ છે. મહેસાણા જિલ્લામાં છ બનાવો બન્યાનું બતાવેલ છે. તમામમાં આરોપી તરીકે ટોળાનો ઉલ્લેખ છે. અહીં પણ લૂંટ, હુમલો, જાહેરનામાનો ભંગ, સરકારી મિલકતને નુકસાન સહિતની કલમો લગાવેલ છે. રાજકોટ ગ્રામ્યના ૧૬માં મોટાભાગના ગંભીર ગુના છે અને નામજોગ આરોપી પણ દર્શાવવામાં આવેલ છે. કુલ ૧૬ ગુનામાંથી સાત ગુનામાં ટોળાને આરોપી તરીકે દર્શાવેલ છે જ્યારે નવ ગુનામાં નામજોગ તેમજ ટોળાને પણ આરોપી દર્શાવેલ છે. પોલીસ ઉપર હુમલો, લૂંટ, પૂર્વનિયોજિત કાવતરું, સરકારી કામમાં રુકાવટ, સરકારી મિલકતને નુકસાન, હુમલો, જાનથી મારી નાખવાની ધમકી, જાહેરનામાનો ભંગ સહિતના આરોપો લગાવેલ છે. મોરબીમાં દાખલ ત્રણ ગુનામાં, ૩૧ જણા સામે નામજોગ અને મોટા ટોળાંને આરોપી તરીકે દર્શાવી પબ્લિક પ્રોપર્ટીને નુકસાન, પૂર્વ નિયોજીત કાવતરું, ગેરકાયદેસર મંડળી, જાહેરનામાનો ભંગ સહિતની કલમો લગાવવામાં આવેલ છે.જામનગરના ૦૭ ગુનામાં ૩૭ લોકો ઉપર નામજોગ અને અન્ય ટોળા ઉપર ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. જેમાં પણ રાબેતા મુજબ જાહેરનામાનો ભંગ, સરકારી મિલકતને નુકસાન,ગેરકાયદેસર મંડળી, સરકારી કામમાં રુકાવટ જેવા ગુના દાખલ કરવામાં આવેલ છે. સુરેન્દ્રનગરમાં કુલ છ ગુના બતાવેલ છે જેમાં એક એટ્રોસિટીના ગુનાની ગણતરી કરવામાં આવેલ છે. બાકીના એક ગુનામાં પાંચ ને આરોપી તરીકે બતાવેલ છે અને ચારમાં ટોળાનો ઉલ્લેખ કરેલ છે. જૂનાગઢમાં કુલ છ ગુના દાખલ થયાનું જણાવેલ છે. જેમાં એક એટ્રોસિટીના ગુનાની ગણતરી કરવામાં આવેલી છે. બાકીના પાંચ ગુનામાં ટોળા તરીકે અને વણઓળખાયેલ લોકો સામે જાહેરનામાનો ભંગ, સરકારી મિલકતને નુકસાનનો ગુનો દાખલ કરવામાં આવેલ છે. ગીર સોમનાથમાં કુલ ચાર, જેમાં એક એટ્રોસિટીના ગુનાની ગણતરી થવા પામેલ છે અને બે ગુનામાં નામજોગ આરોપી તેમજ ટોળું આરોપી તરીકે બતાવવામાં આવેલ છે તેમજ ચોથા કેસમાં આમ આદમી પાર્ટીના હોદ્દેદાર સંગીતા ચાંડપાએ બ્રહ્મણો વિરુદ્ધ ટિપ્પણી કરતાં તેઓની ઉપર કશ્યપ ભટ્ટ દ્વારા ૧૫૩/૨૯૫ મુજબ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. પોરબંદરમાં એક ગુનો દાખલ કરવામાં આવેલ છે. જેમાં ૨૪ વ્યક્તિઓ સામે નામજોગ ગુનો દાખલ કરી પૂરતા પુરાવા મેળવીને કોર્ટમાં ચાર્જ ફ્રેમ પણ કરવામાં આવેલ છે. આ કેસોમાં આઈપીસીની કલમો ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૩૨, ૪૩૫, ૫૦૪ તેમજ સરકારી મિલકતને નુકસાનના ગુના દાખલ કરવામાં આવેલ છે. બોટાદના બે ગુનામાં એક એટ્રોસિટીના ગુનાની ગણતરી કરેલ છે અને એક કેસમાં સરકારી મિલકતને નુકસાન,જાહેરનામાનો ભંગ,હુમલાનો પ્રયાસમાં સાત લોકો સામે નામજોગ તેમજ ટોળાને આરોપી તરીકે દર્શાવેલ છે. પાટણમાં એક ગુનો બતાવેલ છે પણ એટ્રોસિટીના ગુનાની ગણતરી કરેલ છે.

આમ ઉના પછી જે ૭૪ કેસો કરવામાં આવ્યા તેમાં દલિતો ઉપર કુલ ૬૭ કેસો થવા પામેલ છે.

જ્યારે ખોટા કેસો પરત ખેંચવા અંગે રજૂઆત કરવી હોય તો સ્વાભાવિક આપણી પાસે કેસોની વિગતો હોવી જોઈએ અને આ તમામ કેસોની વિગતો મેળવવી તે ઘણું મુશ્કેલ કામ છે. છતાં ઉના કેસની તપાસમાં સી.આઈ.ડી. ક્રાઇમે જે ચાર્જશીટ રજૂ કરી તેમાં દર્શાવેલ ૭૪ કેસનો અભ્યાસ કરીએ તો દલિતો ઉપર ૬૭ કેસો થયેલા હોવાનું જણાય છે.

ઉના દલિત આંદોલન દરમિયાન થયેલા કેસો પરત ખેંચવા હાલ અનેક કર્મશીલો તેમજ જુદાં જુદાં સંગઠનો પ્રયત્નશીલ છે. જેમાં સૌથી

(અનુસંધાન પેજ-૨ ઉપર)

જ્યારે ખોટા કેસો પરત ખેંચવા અંગે રજૂઆત કરવી હોય તો સ્વાભાવિક આપણી પાસે કેસોની વિગતો હોવી જોઈએ અને આ તમામ કેસોની વિગતો મેળવવી તે ઘણું મુશ્કેલ કામ છે. છતાં ઉના કેસની તપાસમાં સી.આઈ.ડી. ક્રાઇમે જે ચાર્જશીટ રજૂ કરી તેમાં દર્શાવેલ ૭૪ કેસનો અભ્યાસ કરીએ તો દલિતો ઉપર ૬૭ કેસો થયેલા હોવાનું જણાય છે.

# ગુજરાતમાં ધર્માન્તર વિરોધી કાયદાની વાસ્તવિક્તા

**હકીકત**

**વાલજીભાઈ પટેલ**

ડૉ. બાબાસાહેબ આંબેડકરે દલિતોને હિંદુધર્મનો ત્યાગ કરી ધર્માન્તર કરવા જે આદેશ કરેલો તેનો અમલ જ ન થાય અને દલિતો ધર્માન્તર કરતા અટકે તે માટે હાલની ગુજરાતની ભાજપ સરકાર "ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ-૨૦૦૩" નો કાયદો અમલમાં લાવી છે. આ કાયદાની જોગવાઈમાં કલમ-૩ હેઠળ કોઈએ પણ ધર્માન્તર કરતા પહેલા જિલ્લા મેજિસ્ટ્રેટ (કલેક્ટર) ની લેખિત મંજૂરી મેળવવા અરજી કરવાની અને એક માસ સુધી રાહ જોઈ પછી જ ધર્માન્તર કરી શકાય. જો આવી જિલ્લા મેજિસ્ટ્રેટની મંજૂરી વગર કોઈ ધર્માન્તર કરે તો ધર્માન્તર કરાવનારને ત્રણ વર્ષની સજાની જોગવાઈ કરવામાં આવેલી છે. શરૂઆતમાં ભાજપની સરકાર આ કાયદો માત્ર મુસ્લિમ અને ખ્રિસ્તી ધર્મ પૂરતો જ અમલમાં લાવી હતી. જૈન, શીખ તેમજ બૌદ્ધ ધર્મને હિંદુ ધર્મનો ભાગ ગણી આ કાયદામાંથી બાકાત રાખવામાં આવ્યા હતા. એટલે કોઈ ધર્માન્તર કરી જૈન, બૌદ્ધ કે શીખધર્મ અંગીકાર કરે તો તેમને આ કાયદા હેઠળ મંજૂરી લેવાની થતી નહોતી.

## કાયદામાં સુધારો કરાવ્યો

હિંદુત્વના એજન્ડાવાળી ભાજપ સરકારે આ કાયદાની જોગવાઈઓ માત્ર ખ્રિસ્તી અને મુસ્લિમ ધર્મને જ લાગુ પાડી એક સાથે બે નિશાન તાક્યા. ખાસ કરીને પછાત વર્ગોને ખ્રિસ્તી અને મુસ્લિમ ધર્મમાં જતા અટકાવ્યા અને બીજી બાજુ ડૉ. આંબેડકરે દલિતોને હિંદુધર્મનો ત્યાગ કરી એક અલગ ઓળખ આપવા બૌદ્ધ ધર્મ આપ્યો હતો. પણ ભાજપ સરકારે તો બૌદ્ધ ધર્મ તો હિંદુધર્મનો જ એક ભાગ છે તેવું કાયદા હેઠળ પ્રસ્થાપિત કર્યુ. જેથી દલિતોમાં હિન્દુધર્મ પ્રત્યે દ્વેષની ભાવના જ પેદા ન થાય અને તેઓ બૌદ્ધ બનીને પણ હિંદુધર્મ બંધુ તરીકે જ રહ્યા કરે.

આમ બૌદ્ધ ધર્મને હિન્દુધર્મના એક સંપ્રદાય તરીકે પ્રસ્થાપિત કરતો આવો કાયદો અમલમાં આવતા જ આંબેડકરી વિચારધારામાં માનનાર લોકો મળ્યા અને બૌદ્ધ ધર્મને હિંદુ ગણવાના કાયદાનો વિરોધ કરવાનો નિર્ણય લીધો. પ્રેસ નિવેદનો પણ આપ્યા અને ગુજરાતના રાજ્યપાલ સમક્ષ આવેદન પત્ર આપવા જવાનો નિર્ણય લેવાયો. ભાઈ રત્નાકર, વાલજીભાઈ પટેલ, મિલિંદ પ્રિયદશી, એડવોકેટ રત્નાબહેન વોરા વગેરેનું એક પ્રતિનિધિ મંડળ રાજભવન જઈ રાજ્યપાલને મળ્યુ અને બૌદ્ધ ધર્મ ને હિંદુમાં ગણી લેતા આવા કાયદાનો સખત વિરોધ કર્યો. તેવી જ રીતે જૈનધર્મના પ્રતિનિધિઓ પણ રાજ્યપાલને મળી જૈનધર્મ એ હિંદુ નથી તેવી રજૂઆત કરતાં ભાજપની સરકારને આ કાયદો સુધારવાની ફરજ પડી. બૌદ્ધ ધર્મ માટે પણ મંજુરી મેળવવાના કાયદાનો અમલ શરૂ થયો. પરિણામે હાલ જૈન, બૌદ્ધ અને શીખધર્મને પણ મુસ્લિમ અને ખ્રિસ્તી જેવો અલગ લઘુમતિનો દરજ્જો મળ્યો. તેઓ લઘુમતી તરીકે લાભો મેળવે છે.

## કોંગ્રેસનો ૧૯૭૨નો કાયદો અને પ્રચંડ વિરોધ

આજે આ ધર્માન્તર વિરોધી કાયદા માટે જ્યારે આપણે ભાજપને ભાંડીએ છીએ ત્યારે આ કાયદાના ઈતિહાસને જોવો પડશે. હકીકતમાં હાલનો આ "ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ-૨૦૦૩" નો કાયદો મૂળ તો ૧૯૭૨માં કોંગ્રેસ સરકાર "ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ-૧૯૭૨" ના નામે ધારાસભામાં લાવી હતી. હાલના આ કાયદાનું નામ અને એની જોગવાઈઓ પણ કોંગ્રેસ સરકારે કરી હતી.

જ્યારે કોંગ્રેસ સરકાર ૧૯૭૨માં આ ધર્માન્તર વિરોધી કાયદો ગુજરાત વિધાનસભામાં લાવી હતી ત્યારે ૧૯૭૨માં અમે અમદાવાદના આસ્ટોડિયા લક્ષ્મણ ભુવન મંદિરમાં દલિતોની મિટિંગ લીધી. જેમા આ ધર્માન્તર વિરોધી કાયદા સામે લડત આપવા એક લડત સમિતિ બનાવી અને દિવંગત બકુલ વકીલ, વાલજીભાઈ પટેલ અને અમૃતલાલ પરમાર(રેલ્વે)ને કન્વીનર બનાવ્યા. આ કાયદા વિરૂદ્ધ આંદોલનની જાહેરાત કરી. પત્રિકાઓ છપાવી. દલિત વિસ્તારોમાં સભાઓ શરૂ કરી. નરોડા રોડના વ્રજ વલ્લભપુરા (ચામુંડા)ની ચાલીના વિશાળ મેદાનમાં સૌથી પહેલી જંગી જાહેર સભા થઈ. સભામાં જાણીતા લેખક-પત્રકાર ઈશ્વર પેટલીકર અને પુરષોત્તમ માવલંકરે પણ સભાને સંબોધી હતી. આ કાયદાનો વિરોધ કર્યો. અમે મુસ્લિમ અને ખ્રિસ્તીઓના વિસ્તારોમાં પ્રચારાર્થે ફર્યા. મુસ્લિમ અને ખ્રિસ્તી સમાજનો જબરજસ્ત ટેકો સાંપડ્યો. અમે અમદાવાદની મુસ્લિમ બહુમતિ ધરાવતા વિસ્તાર શાહપુર અડ્ડા અને ખાનપુર કલ્યાણી વાસમાં મુસ્લિમ અગ્રણી ડો.આર.એ.હકીમના પ્રમુખસ્થાને જંગી જાહેર સભાઓ લીધી. દરિયાપુર ચારવાટના મોટા બવાહીર હોલમાં પણ વિશાળ સભા કરી. જ્યારે બીજી બાજુ ખ્રિસ્તી ધર્મના કેથોલિક અને પ્રોટેસ્ટંટ સંપ્રદાયનો પણ જબરજસ્ત ટેકો સાંપડ્યો. અમદાવાદમાં ગુજરાત કોલેજ પાસેના ચર્ચ થી ભદ્રના આઈ.પી.મિશન ચર્ચ સુધી હાથમાં મિણબત્તી લઈ ભાઈ-બહેનોની આ કાયદા વિરૂદ્ધ વિશાળ રેલી નીકળી. અને એ જ રીતે આણંદ અને નડિયાદમાં પણ વિશાળ રેલીઓ નીકળી. કન્વીનરો ગુજરાતમાં ફરી વળ્યા અને ગુજરાતમાં વિરોધ વંટોળ ઉભો કર્યો. પરિણામે દલિત,મુસ્લિમ અને ખ્રિસ્તી સમાજની પ્રચંડ એકતા થઈ. અને કોંગ્રેસ સરકારને કાયદો બનાવતા રોકી શક્યા. કોંગ્રેસ સરકારે નાણામંત્રી કાંતિલાલ ઘીયા અને ધારાસભ્ય નરસિંહ મકવાણાની એક સિલેક્ટ કમિટિ બનાવી. આ સિલેક્ટ કમિટિને બિલની તપાસ સોંપી. આ સિલેક્ટ કમિટિએ અમને સાંભળવા માટે અમદાવાદ સરકીટ હાઉસમાં બોલાવ્યા. બકુલ વકીલ, વાલજીભાઈ પટેલ અને અમૃતલાલ પરમારને કમિટિએ સાંભળ્યા અને કાયદો નહીં બનાવવાનો નિર્ણય લેવાયો. આમ કોંગ્રેસ સરકારનું બિલ ૧૯૭૨માં સરકારી

ભંડકિયામાં પુરાઈ ગયું. હવે ગુજરાતની ભાજપ સરકારે ૧૯૭૨માં ભંડકિયા પુરાઈ ગયેલા બિલ ને પુનર્જીવિત કરી " ધર્મ સ્વાતંત્ર અધિનિયમ-૨૦૦૩" ને નામે અસ્તિત્વમાં લાવ્યા છે. આ કાયદાની કલમ-૩ જિલ્લા મેજિસ્ટ્રેટની મંજૂરી લેવાની જોગવાઈ ભાજપે પોતે ઉમેરી દીધી. આમ આ ધર્માન્તર વિરોધી કાયદા માટે કોંગ્રેસ અને ભાજપનો બંનેનો ફાળો છે.

## ધર્માન્તર વિરોધી કાયદાની સ્થિતિ શું છે ?

ભારતના બંધારણના આર્ટિકલ-૨૫ અને આર્ટિકલ-૩૦ થી દરેક નાગરિકને તે ઈચ્છે તે ધર્મ પાળવાનો અને શાંતિથી તેનો પ્રચાર પ્રસાર કરવાનો અધિકાર છે. આર્ટિકલ-૨૫ અને આર્ટિકલ-૩૦ નો સમાવેશ બંધારણના મૂળભૂત અધિકારમાં કરેલ છે. એટલે ભાજપ સરકારના "ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ-૨૦૦૩" ના કાયદાની કલમ-૩ હેઠળ ધર્માન્તર કરતા પહેલા જિલ્લા મેજિસ્ટ્રેટ્ની પૂર્વ મંજૂરી લેવાની જોગવાઈ બંધારણના મૂળભૂત અધિકાર વિરૂદ્ધની બને છે. ગુજરાત જેવો જ કાયદો હિમાચલ પ્રદેશમાં છે. એટલે આ કાયદાની કલમ-૩ હેઠળ સરકારની મંજૂરી મેળવવાની જોગવાઈને એક સંસ્થાએ હાઈકોર્ટમાં પડકારતાં હિમાચલ પ્રદેશ હાઈકોર્ટે સરકારની પૂર્વ મંજૂરી મેળવવાની કલમ-૩ ને બંધારણના મૂળભૂત અધિકાર વિરૂદ્ધની ગણી તેને રદ કરવાનું જજમેન્ટ આપેલ છે. આમ હાલ ગુજરાતમાં બંધારણ વિરૂદ્ધની કાયદાની કલમ-૩ ગેરકાયદેસર રીતે ચાલી રહી છે.

## દલિતો એ હવે શું કરવું જોઈએ ?

આમ તો હિમાલય પ્રદેશ હાઈકોર્ટના બે જજ દ્વારા અપાયેલ જજમેન્ટને આધારે ગુજરાત સરકારના આ કાયદાની કલમ-૩ ગેરકાયદેસર બની જાય છે. એટલું જ નહિ, હિમાચલ હાઈકોર્ટના આ જજમેન્ટને ઉપલી કોર્ટમાં કોઈએ પડકાર્યુ નથી. એટલે તે જજમેન્ટ કાયમી પણ બની જાય છે . આમ હકીકતમાં તો આ જજમેન્ટ ને આધારે ગુજરાત સરકારે આ કાયદાની કલમ-૩ ને રદ કરવાની કાર્યવાહી કરવાની થાય છે અને આપણે પણ આ જજમેન્ટને આધાર બનાવી સરકારમાં કાયદામાં સુધારો કરવાની માગણી કરવી જોઈએ. પરંતુ ગુજરાત સરકાર જ્યાં સુધી કોઈ તેને પડકારે નહિ ત્યાં સુધી આ કાયદામાં સુધારો કરવાની નથી એ પણ એક હકીકત છે. આમ બંધારણના મૂળભૂત અધિકારના ભંગ જેવો કાયદો ગુજરાતમાં હાલ ચાલી રહ્યો છે. એટલે તો ગુજરાત સરકાર પણ જાણી જોઈને કલમ-૩ નો ભંગ કરનાર વિરૂદ્ધ જિલ્લા મેજિસ્ટ્રેટની મંજૂરી વગર દલિતો દ્વારા થતા ધર્માન્તરના કાર્યક્રમો સામે કોઈ પગલા ભરતી નથી, કારણ કે સરકાર જાણે છે કે જો પગલાં લઈશું તો કોર્ટમાં જવાબ આપવો ભારે પડી જશે. આમ સરકાર પગલાં ભરતી નથી. એટલે એનો અર્થ (અનર્થ) ભોળા દલિત આગેવાનો આ ધર્માન્તર નથી પણ "દીક્ષા" છે અથવા તો દલિતો તેમના મૂળ બૌદ્ધ ધર્મમાં પાછા આવે છે માટે આ ધર્માન્તર કાયદો લાગુ પડતો નથી અને એટલે જ તો જુઓ સરકાર પગલા ભરતી નથી. આવા જાતે ને જાતે ઉપજાવી કાઢેલા ગતકડાથી છાતી ફૂલાવે છે. પણ વાસ્તવિક હકીકત જુદી છે.

હવે આપણે શું કરવું જોઈએ એ વિશે વિચારવું પડશે. આમ તો બે રસ્તા સ્પષ્ટ છે : ગુજરાત સરકારના આ કાયદાને કોર્ટમાં પડકારવો જોઈએ. અથવા બીજો રસ્તો ભારતના બંધારણના મૂળભૂત અધિકારોના રક્ષણ માટે આંદોલન કરવું જોઈએ. જો આંદોલન અંગે વિચારીએ તો ગાંધીજીએ મીઠાના કાયદા વિરૂદ્ધ સવિનય કાનૂન ભંગનું આંદોલન કર્યુ હતું તેમ આપણે પણ આ કાયદો ભારતના બંધારણની વિરૂદ્ધનો હોઈ અમે સરકારની મંજૂરી લીધા વગર જ સવિનય કાનૂન ભંગ કરી ધર્માન્તર કરીશું. સરકારને જે કરવું હોય તે કરી લે. આવી જાહેરાત કરી સવિનય કાનૂન ભંગનો સત્યાગ્રહ કરવો જોઈએ. એટલે સરકારના કાયદા વિરૂદ્ધના આવા કાર્યક્રમથી સરકારને સ્પષ્ટ થવાની ફરજ પડશે. આવા કાર્યક્રમથી દલિત સમાજમાં લોક જાગ્રતિ આવશે. પણ સરકાર આપણને કાંઈ કરતી નથી એટલે આપણે બેસી રહેવું એવી મનોવૃત્તિ ડૉ. બાબાસાહેબ આંબેડકરે આપેલા સંદેશ "સ્વાભિમાનના ભોગે અન્યાયને સહી લેવાની ગુલામી માનસિકતા" ગણાશે. ●

## શુભેચ્છા યોગદાન

**'દલિત અધિકાર'ના શુભેચ્છકો જેમના તરફથી શુભેચ્છા યોગદાન મળેલ છે.**

- ❖ કચનાર ટ્રસ્ટ્ર (હસમુખ શાહ, વડોદરા) ..... ૫,૦૦૦/-
- ❖ ભાલેન્દુ દેસાઈ (નિવ્રુત એકાઉન્ટન્ટ જનરલ અને શુભેચ્છક, અમદાવાદ) ..... ૨,૦૦૦/-
- ❖ યોગેન્દુ ચૌહાણ (કર્મશીલ લેખક, ગાંધીનગર) ..... ૧,૦૦૦/-
- ❖ બિપિનભાઈ સોલંકી (રેલવે અધિકારી અને શુભેચ્છક, અમદાવાદ) ..... ૧,૦૦૦/-
- ❖ રોહિત શુકલ (જાણીતા અર્થશાસ્ત્રી, સંપાદક, 'અભિદ્રષ્ટિ' અને નિવૃત્ત અધ્યાપક, અમદાવાદ) ..... ૧,૦૦૦/-
- ❖ બી.કે.પરમાર (નિવૃત્ત સરકારી અધિકારી અને કર્મશીત, ગાંધીનગર) ..... ૫૦૦/-
- ❖ દશરથ શ્રીમાળી (નિવૃત્ત સરકારી અધિકારી અને કર્મશીત, અમદાવાદ) ..... ૫૦૦/-

# દલિત અધ્યાપક સાથે ગેરબંધારણીય અને અમાનવીય વ્યવહાર

**હેવાલ**

**પ્રો.અશ્વિનકુમાર ન. કારીઆ**

**થોડા** મહિના પહેલાં પોલીસે દેશભરમાંથી પાંચ બુદ્ધિજીવીઓની અર્બન નકસલના નામે ધરપકડ કરી હતી. તેમાંના એક જાણીતા માનવ અધિકાર કર્મશીલ અને કવિ પ્રો. વારાવારા રાવ હતા. તેઓની ધરપકડ કર્યા પછી તેમના હૈદરાબાદમાં રહેતા દીકરી જમાઈના ઘરની પોલીસે તલાશી લીધી હતી. ગઈ તા.૨૮મી ઓગસ્ટ ૨૦૧૮ના રોજ સવારે ૮-૩૦ કલાકે પો. કે. સત્યનારાયણના હૈદરાબાદ યુનિવર્સિટી કેમ્પસના ઘરે મહારાષ્ટ્ર અને તેલંગણાના ૨૦ પોલીસો ત્રાટક્યા હતા. તેમની પાસે મરાઠી ભાષામાં લખેલું વોરંટ હતું. પ્રો.સત્યનારાયણ મરાઠી ભાષા સમજતા કે જાણતા નથી. પોલીસે તેમના ઘરમાં સળંગ આઠ કલાક સુધી તપાસ કરી હતી. પોલીસે પ્રો.સત્યનારાયણ તથા તેમના પત્ની પાવનને તેમની વેશભૂષા, અંગત માન્યતાઓ અને લગ્ન વિશે સતત પ્રશ્નો પૂછ્યા હતા. પોલીસે પ્રો.સત્યનારાયણને તેમની સામેના કોઈ આરોપોની જાણ કરી ન હતી.

પોલીસે પ્રો.સત્યનારાયણ અને તેમના પત્ની વચ્ચેના કેટલાક પત્રો મોટેથી વાંચ્યા. તેલંગણા પોલીસે તેનું મરાઠીમાં ભાષાંતર કરી, મહારષ્ટ્ર પોલીસને વિગતો સમજાવી હતી. પ્રો.વારાવારા રાવના દીકરી અને અધ્યાપક પ્રો પાવનને દલિત સાથે લગ્ન કરવાના કારણોની પૃચ્છા પણ કરી હતી. તેમનું લગ્ન પ્રમાણપત્ર પણ પોલીસે ચકાસ્યું. અધ્યાપક પત્ની પાવને માથામાં સિંદુર ન લાગાવેલ હોવા અંગેનું કે મંગળસૂત્ર ન પહેરેલ હોવાનું કારણ જાણવા માંગ્યું હતું. પોલીસે પ્રો. સત્યનારાયણ પાસે એવો આગ્રહ રાખ્યો હતો કે તેમણે બાથરૂમનું બારણું ખુલ્લું રાખી પોલીસની હાજરીમાં કપડાં બદલવાં. આ તપાસ દરમિયાન ઘરમાં કોઈને આવવા દીધા નહોતા. તેમજ આ અધ્યાપક દંપતીને પણ બહાર જવા દીધું નહોતું. આગલા દિવસથી તેમના ઘરનો લેન્ડલાઈન ફોન પોલીસે બંધ કરી દીધો હતો. પોલીસે પ્રો.સત્યનારાયણે કરેલ સંશોધન સામગ્રી, તેમની સાત વરસની પુત્રીનું કમ્પ્યૂટર તેમજ કેટલીક તસવીરો જપ્ત કરી હતી. પ્રો.સત્યનારાયણની પુત્રી શાળાએ ગયેલ હોવાથી તે શાળાએથી પરત ફરે તે પહેલાં તપાસ પૂર્ણ કરવાની વિનંતી પોલીસે ફગાવી દીધી હતી. આ અધ્યાપકે ૨૫ વરસોથી કરેલાં સંશોધનોની સામગ્રી પોલીસ ઉઠાવી ગઈ હતી. પોલીસે તેમની વાચન ટેવ તેમજ ડો.આંબેડકર, માઓ અને માર્કસનાં પુસ્તકો ઘરમાં રાખવાનાં કારણોની પણ જાણકારી મેળવી હતી.

પ્રો.સત્યનારાયણે સાંજે ૫ કલાકે મરાઠી દુભાષિયાની મદદથી વોરંટ વિશે જાણ્યું ત્યારે તેમને ખ્યાલ આવ્યો કે આ વોરંટને પોતાના ઘરે થયેલી તપાસ સાથે કોઈ નિસબત નથી. હકીકત એ હતી કે પ્રો. સત્યનારાયણના સસરા વારાવારા રાવની ધરપકડના અનુસંધાને પોલીસે આ કર્યું હતું. પોલીસને પ્રો.સત્યનારાયણના ઘરે તપાસ કરવાની વોરંટથી સત્તા અપાયેલ ન હતી.

પોલીસની આ અનધિકૃત તપાસથી પ્રો.સત્યનારાયણના ગુપ્તતા તેમ જ ગૌરવના અધિકારોનો ભંગ થયો હતો. સર્વોચ્ચ અદાલતે પોતાના ૨૦૧૭ના એક ચુકાદામાં ઠરાવેલ છે કે ગુપ્તતાના અધિકારમાં કુટુંબ, લગ્ન, બાળ ઉછેર અને શિક્ષણના અધિકારનો પણ સમાવેશ થાય છે. પ્રો.સત્યનારાયણના કિસ્સામાં તેમના આ તમામ અધિકારોનું રાજ્યે હનન કરેલ છે. એક દલિત કર્મશીલ અધ્યાપકને ત્યાં તેમના જ ઘરમાં રાજ્યનો આ ગેરબંધારણીય અને અમાનવીય વ્યવહાર માફીને પાત્ર નથી. ●

(માહિતી સ્ત્રોત : અંગ્રેજી સામયિક ''ધ રેડિકલ હ્યુમેનિસ્ટ''ના નવેમ્બર ૨૦૧૮ના અંકમાં, હૈદરાબાદની સંસ્થા ''કાઉન્સિલ ફોર સોશ્યલ ડેવલપમેન્ટ''ના નિયામક કલ્પના કન્નાબીરનનો લેખ)

**દલિત અધિકાર**

**આ અંક આપને કેવો લાગ્યો?**
**આપનો પ્રતિભાવ પત્ર, ઈ-મેઈલ કે**
**વ્હોટસએપથી જણાવશો.**
**Email: maheriyachandu@gmail.com**
**મો.નં. ૯૮૨૪૬ ૮૦૪૧૦**

**દલિત અધિકાર** (પાક્ષિક)

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશકુમાર રા. મહેરિયા
૧૭૯૦, અબુકસાઈની ધાબાવાળી ચાલી, રાજપુર,
પોસ્ટ ઑફિસ સામે, અમદાવાદ-૩૮૦૦૨૧
ફોન : (મો.) ૯૮૨૪૬ ૮૦૪૧૦, ૯૯૨૫૭ ૧૯૫૬૫
મુદ્રણસ્થાન : માંગલ્ય મુદ્રણાલય,
૧૦૭, પાર્વતી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, તાવડીપુરા, અમદાવાદ.